**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૫૨ ટકા

# આ વર્ષે કેવી રીતે દિવાળી ઉજવશે ગાંધીનગર??

## વૈશ્વિક મહામારી કોરોના વાયરસના કપરા કાળમાં આવેલી પહેલી દિવાળીનું પર્વ નાગરિકો કેવી રીતે ઉજવશે તે જાણવા ગાંધીનગર સમાચારનો સ્તુત્ય પ્રયાસ

ગાંધીનગર, તા.૯

**વિશ્વમાં મહામારીઓ તો અનેક આવી અને ગઈ પરંતુ કોરોના વાયરસની મહામારી જેટલો ભરડો કદાચ અન્ય કોઈ બિમારીએ લીધો નથી. કોરોના મહામારીના આ વિકટકાળમાં આવેલી પહેલી દિવાળી નાગરિકો કેવી રીતે ઉજવશે તે એક ચર્ચાઈ રહેલો પ્રશ્ન છે. ભારતના સૌથી મોટા તહેવાર દિવાળીમાં નાગરિકોનું એકબીજા સાથે હળવું-મળવું-ભેટવું ખૂબ સામાન્ય બાબત છે કેમ કે તે આ ઉત્સવનો જ ભાગ છે. વળી, આ સમયમાં ફટાકડા ફોડવા બાબતે પણ ઘણા મતમતાંતર ચાલી રહ્યા છે. કોરોનાને કારણે છેલ્લા આઠ માસમાં સામાજિક જનજીવનમાં ઘણું પરિવર્તન આવ્યું છે એટલે દિવાળીના ઉત્સવમાં પણ કેટલાંક પરિવર્તનો અનિવાર્ય બનશે તેવું જણાય છે. આ સ્થિતિમાં ગાંધીનગર સમાચારે શહેરના વિવિધ ક્ષેત્રના નાગરિકો પાસેથી જાણવા પ્રયાસ કર્યો છે કે તેઓ આ વર્ષે દિવાળી કેવી રીતે ઉજવવાના છે જે અત્રે સંકલિત સ્વરૂપે પ્રસ્તુત છે.**

**● પ્રદૂષણ રહિત દિવાળી ઉજવીશું**



હાલની આ કોરોનાની પરિસ્થિતિમાં પ્રભુને પ્રાર્થના કરીશું કે સર્વને જલદીથી આ કોરોનામાંથી ઉગારી લે. આ ઉપરાંત જરૂરીયાતમંદ પરિવારોને કીટનું વિતરણ કરીશું અને ફટાકડાથી પ્રદુષણ થવાનો પ્રશ્ન ઉભો થયો છે તો પ્રદુષણ રહિત દિવાળી ઉજવીશું.

**- હિરલ જોશી, કોર્પોરેટર વોર્ડ-૭**

**● વીડીયો કોલ દ્વારા સગા સંબંધીઓને નૂતન વર્ષની શુભકામના પાઠવી ઉજવણી કરીશું**



આ વર્ષે કોરોનાની મહામારી સાથે સમગ્ર વિશ્વ ઝઝૂમી રહ્યું છે ત્યારે હું મારા પરિવાર સાથે સાદાઈથી દિવાળી પર્વની ઉજવણી કરીશ. વાઘબારસે ગૌમાતા અને વાછરડાનું પૂજન, ધનતેરસે ધનની પૂજા. સાચા અર્થમાં જરૂરિયામંદની મદદ કરવામાં ધનનો વપરાશ એટલે કે મોલની જગ્યાએ નાના ફેરિયા પાસેથી ચીજવસ્તુની ખરીદી કરી મદદરૂપ થવું. કાળી ચૌદશે સર્વ વિશ્વ કોરોનામાંથી મુકત થાય તેવી પ્રાર્થના, દિવાળીના દિવસે પ્રદુષણ મુકત ફટાકડાથી બાળકો સાથે ઉજવણી. શકય બને તો વિડીયો કોલ દ્વારા સગા સંબંધીઓને નૂતન વર્ષની શુભકામના પાઠવી નવા વર્ષની ઉજવણી કરીશું.

**- હેમા ભટ્ટ, એજયુકેશ્નાલીસ્ટ**

**● કોરોનાનો ડર દરેકના મનમાંથી દૂર કરવા પ્રયત્નશીલ રહી નિઃસ્વાર્થ ભાવે સેવા કાર્યો કરીશ**



નાનપણથી જ્યારથી સમજ આવી ત્યારથી જાણું છું કે દીવાળી એટલે દિવડા, ઉજાસ, હર્ષોલ્લાસ - આનંદનું પર્વ અને આજ સમજને અનુરૂપ ચાલુ વર્ષે પણ અગાઉના વર્ષોની જેમ 'ફટાકડા' ફોડ્યા વિના હિંદુ પરંપરા મુજબ જ જરૂરિયાતમંદોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ, ભણતરને લગતી તમામ સહાય ઉપરાંત રક્તદાન, શ્રમયજ્ઞ દ્વારા તેમના જીવનમાં ઉજાસ ફેલાવવાનું મારુ કાર્ય અવિરતપણે કરીશ અને આગામી વર્ષ દરમિયાન પણ 'કોરોના'નો ડર લોકોના મનમાંથી દૂર કરવા પ્રયત્નશીલ રહી સેવાકીય કાર્યો વધુ સારી અને અસરકારક રીતે નિઃસ્વાર્થ ભાવે કરી શકું તે માટે વડીલોના આશીર્વાદ અને મિત્રોનો સહકાર હંમેશાની જેમ મળતો રહે તે માટે પ્રભુ ને પ્રાર્થના કરીશ.

**- વ્યોમ અમીન, યુવા બિઝનેસમેન**

**● તહેવારમાં ઘર આંગણે આવેલ જરૂરિયાતમંદ માણસ કે પ્રાણી પાછું ન જાય તેનું ધ્યાન રાખશું**



કોવિડ મહામારીના સમયમાં ગાંધીનગરના શહેરીજનો વિદેશ પ્રવાસે નહી જાય અને નવી વસ્તુઓની ખરીદી પણ નહી કરે ત્યારે આ વર્ષના બચેલા પૈસાનો સદઉપયોગ કોઈ ગરીબ કે પ્રાણીઓને દાન આપીને કરીએ. ઘર પાસે આવનાર કોઈ જરૂરિયાતમંદ કે નાનું શેરીનું કૂતરું ખાધા વગર પાછું ન જાય તેમ કરીએ. ફટાકડાને આ વર્ષ માટે એવોઈડ કરીએ.

**- કથન ત્રિવેદી, યુવા કોન્ટ્રાકટર**

**● પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો વોકલ ફોર લોકલનો સંકલ્પ લઈને ભારતની ચીજવસ્તુઓ ખરીદી વિદેશી ચીજવસ્તુઓનો બહિષ્કાર કરીશું**



વૈશ્વિક મહામારી કોરોનાએ સમગ્ર વિશ્વને ભરડામાં લીધું છે અને હિન્દુ ધર્મનો પવિત્ર તહેવાર દિવાળી નજીક છે ત્યારે આપણે સૌએ અંતર્મનના ઉમંગથી તહેવારને વધાવીને આનંદ અને ઉત્સાહથી દિવાળી અને નવવર્ષના તહેવારને સહપરિવાર ઉજવીએ. દિવાળીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો વોકલ ફોર લોકલનો સંકલ્પ લઈને ભારત રાષ્ટ્રમાં બનતી તમામ ચીજવસ્તુઓનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરીને વિદેશી ચીજ વસ્તુઓનો બહિષ્કાર કરીને ભારત રાષ્ટ્રના નાગરિક તરીકેની ફરજ અદા કરીએ. વસુધૈવ કુટુંમ્બકમ્‌ની ભાવના સાથે દિવાળી પર્વમાં માતાજીને પ્રાર્થના કરીએ કે સમગ્ર વિશ્વ કોરોનામાંથી જલ્દી મુક્ત થાય. આવો આપણે સૌ સ્વસ્થ રહીએ, સુરક્ષિત રહીએ, આનંદિત રહીએ અને ધ્યાન રાખીએ કે જ્યાં સુધી કોરોનાની દવા નહીં ત્યાં સુધી કોઈ ઢીલાશ નહીં.

**- દિવ્ય ત્રિવેદી**


**● દિવાળીમાં એકબીજાના ઘરે જવાનો આગ્રહ ઓછો રાખીશું**



આ વખતની દિવાળી સંપૂર્ણ કાળજીભર્યું અંતર રાખીને ઉજવીશું. ફટાકડા દર વર્ષના પ્રમાણમાં ઓછા ફોડીશું એકબીજાના ઘરે જવાનો આગ્રહ ઓછો રાખીશું. ઘરમાં પણ માસ્ક અને સેનેટાઈઝરનો સંપૂર્ણ ઉપયોગ કરીશું.

**- ડો. પાર્થ પંડયા**

**● ઘરને શણગારશું, નવા કપડાં પણ પહેરીશું જેથી ઘરે રહીને પણ દિવાળીનો માહોલ સર્જાય**



દિવાળી પ્રકાશનો તહેવાર છે અને આપણા ગુજરાતીઓ માટે તો નવું વર્ષ પણ છે. પણ આ વર્ષે કોરોનાને કારણે ઘણી પાબંધીઓ છે ત્યારે ઘરને અચુકથી શણગારીશું તેનાથી તહેવારનો માહોલ સર્જાશે. પણ દરેકને મળવાનું ટાળીને ઓનલાઈન વિડીયો કોલના માધ્યમથી ઉજવીશું. લોકલ ફોર વોકલની નીતિ અપનાવી શોપીંગ લોકલ વેપારી પાસે કરી નવા કપડા પણ પહેરીશું અને વેપારી પાસેથી ખરીદી કરી તેમને મદદ પણ કરીશું અને દિવાળીનો માહોલ બનાવી રાખીશું. અંતર રાખીશું પણ મનથી આપણે નજીક જ છીએ તેમ માની દિવાળીનો તહેવાર સરકારની ગાઈડલાઈન પ્રમાણે ચાલીને જ ઉજવીશું.

**- ડો. વલ્લરી વંકાણી, ડેન્ટીસ્ટ**


**● વર્ચ્યુઅલ ગેમ્સ રમીશું અને ફેમીલી ગેધરીંગ કરીશું અને ખાસ બેલેન્સ ડાયટ પર રહીશું**



આ વર્ષે દિવાળી વર્ચ્યુઅલ ઉજવીશું. વર્ચ્યુઅલ ફેમીલી ગેધરીંગ કરીશું અને જો નજીકના સભ્યોને મળવું પડે તો હાથ મીલાવવો કે ભેટશું નહિ. સોશિયલ ડિસ્ટન્સ જાળવીશું. બહાર જઈ ખર્ચા કરવાની જગ્યાએ તે પૈસાનો ઉપયોગ જરૂરીયાતમંદો માટે કરીશું. આ તહેવારને વૃધ્ધાશ્રમ કે ઓર્ફેનેજ હોમમાં જઈને તેમના સાથે ઉજવવાનો પ્રયત્ન કરીશું. વર્ચ્યુઅલ ગેમ્સ રમીશું જેવી કે અંતાક્ષરી, દમશરાઝ, તંબોલા અને ખાસ તહેવારોના નામે વધુ આહાર ન લઈ બેલેન્સ ડાયટ લીશું.

**- પૂજા દોશી, ન્યુટ્રીશનીસ્ટ**

**● સાદાઈથી દિવાળી ઉજવીશ અને ઘરે જ દિવાળીને લગતી તમામ વાનગીઓ બનાવીશ**



કોરોના વાયરસનું બીજું મોજું આવે તેવી સંભાવના છે ત્યારે આ વર્ષે દિવાળીનો તહેવાર સાદાઈથી ઉજવાય તે આવશ્યક છે. કોરોનાની રસી ન આવી જાય ત્યાં સુધી મહામારી સામે લડવા માટે એક જ વિકલ્પ એ છે સાવધાની. વારંવાર હાથ ધોવા, ફિઝિકલ ડિસ્ટન્સ જાળવવું અને શકય તેટલા ગેધરીંગ ટાળવા સહિતના પ્રોટોકોલ સાથે દિવાળીનો તહેવાર ઉજવવો એ આ વર્ષે સમયની માંગ છે ત્યારે હું આ વર્ષે સંપૂર્ણ સાદાઈથી દિવાળી ઉજવીશ. એટલું જ નહિ દિવાળી સમયે જે પરંપરાગત વાનગીઓ ઘરે બનતી હતી તે ઘરે બનાવી બહારની વાનગીઓને શકય તેટલો જાકારો આપીશ.

**- નિધિ ચૌહાણ, ગૃહિણી**

**● આ વર્ષે કૃત્રિમ લાઈટથી નહિ પણ દિવાથી જ ઉજાશ કરીએ અને પ્રકૃતિને ગમતી ઉજવણી કરીએ**

શ્રી રામનું અયોધ્યામાં ૧૪ વર્ષ બાદ આગમન થયું ને ત્યારથી કાર્તિક માસની અમાવસ્યા એટલે દિવાળી.

દિવાળીના દિવસોમાં ઉજાણી કરવા ટુરિસ્ટ પોઈન્ટ પર જઈ ભીડ નહીં કરતા સંયમ જાળવી ઘર આંગણે જ દિવાળી ના પર્વ ને



ઉજવીએ. દો ગજ દૂરીનું પાલન કરીએ. ફટાકડાના ધુમાડાથી ફેફસાને નુકશાન થાય છે, જેથી કોરોના વધુ ફેલાય તેની શક્યતા છે. તો ચાલો આ વખતે પ્રકૃતિ ને ગમે એવી દિવાળી ઉજાવીએ. કૃત્રિમ લાઈટ નહિ પણ, દિવાથી ઉજાશ કરીયે. અને ફટાકડાના ધુમાડાથી પ્રદૂષણ ના ફેલાય તેની તકેદારી રાખીયે. દિવાળીને ખરા અર્થમાં ઉજાવીએ, પ્રકૃતિ ને ગમતી ઉજાવણી કરીએ.

**- પ્રિયંકા પંડયા, યોગા ટ્રેનર**

**● બહાર કે રેસ્ટોરન્ટમાં નહી જઈને ઘરે જ રહીને દિવાળી ઉજવીશું**



આ વર્ષે ઘરમાં રહીને જ દિવાળીની ઉજવણી કરીશું. રેસ્ટોરન્ટમાં કે બહાર કયાંય નહી જઈએ. ફેસબુક અને વોટસએપનો યોગ્ય ઉપયોગ કરી વિડીયો કોલમાં સંબંધીઓને દિવાળી વીશ કરીશું. કોરોના ગાઈડલાઈન ફોલો કરી સેનેટાઈઝરનો ઉપયોગ અને માસ્ક ફટાકડા ફોડતા ખાસ પહેરીશું.

**- જય દવે**

**● કોરોનાકાળમાં દિવાળી ન ઉજવીને વડીલોનું સન્માન કરીએ છીએ**



કોરોનાની આ મહામારીમાં દિવાળીના તહેવારમાં દરેક વ્યકિતએ કોઈ પણ વ્યકિતના ઘરે જવાનું ટાળવું જોઈએ તે ઉપરાંત ફટાકડા પણ ન ફોડવા જોઈએ અને મીઠાઈ આપવાની પરંપરાને પણ આ વર્ષ માટે સ્થગિત કરવી જોઈએ. આ વર્ષે દિપાવલીની શુભેચ્છાઓ રૂબરૂ ન મળીને ટેલિફોનીક, વોટસએપ અને સોશિયલ મિડીયા થકી શુભેચ્છા પાઠવવી જોઈએ અને નાના બાળકો અને વડીલો જે ઘરમાં હોય તેવા લોકોએ ખાસ તકેદારી રાખી ઘરની બહાર ન નીકળવું જોઈએ.

**- ડો. શંષીલ પરમાર, ફિઝીશીયન**

**● ઓનલાઈન શોપીંગ કરીશું, ભીડભાડવાળી જગ્યાએ નહીં જઈએ**



કોરોનાની મહામારી વચ્ચે હર્ષ, ઉલ્લાસનો તહેવાર દિવાળી આવ્યો છે. દર વર્ષ કરતા આ વખતની દિવાળી અલગ જ રહેશે. કારણ કે કોરોનાને ધ્યાનમાં રાખી સેફટી અને પ્રીકોશન્સ લેવાના છીએ તેને જરૂર લઈને ચાલવું પડશે. આ વર્ષે ઓનલાઈન શોપીંગ કરીશ. ભીડવાળા એરીયામાં નહીં જવ. વિડીયો કોલના માધ્મયથી મોટાંઓને પગે લાગીશું બહારગામ નહીં જઈએ. જશું તો ગાઈડલાઈન ફોલો કરીશું. જેટલું થાય તેટલું પરીવાર સાથે જ સમય પસાર કરીશું.

**- યુવરાજસિંહ જાડેજા, વિધાર્થી**

**● કોરોનાને કારણે દિવાળીનો માહોલ જ નથી લાગતો પણ હું તો ફટાકડા ફોડીશ પણ ખાસ કોરોનાની સાવચેતી રાખીને**



દિવાળી આવી... ઉમંગ લાવી... દિવાળી નજીક આવી પણ આ વખતે તો કોરોના ના લીધે દિવાળી જેવું કશુંય લાગતું જ નથી કે દિવાળી નજીક આવી હોય અને દિવાળી મારો પ્રિય તહેવાર છે અને મને ફટાકડા ફોડવાનો બહુ જ શોખ છે પણ આ વખતે હું ફટાકડા ફોડીશ પણ સાવચેતી રાખીને ફટાકડા ફોડીશ અને હું દર વખતે બહાર જમવા જતો હતો તે પણ હું આ વખતે નહીં જવ અને મારા પરિવારને કહીશ કે સાવચેતી રાખજો અને નવા વર્ષને આવકાર આપીશ અને ખુશી માણીશ અને બધાને વંદન કરીશ. હું કાળી ચૌદશા દિવસે હનુમાનજી મહારાજને પ્રાર્થના કરીશ કે આ કોરોનાના કાળા કહેરને જલ્દીથી ભગાડી દો અને બધાને મારા તરફથી હેપી દિવાળી, હેપી ન્યૂ યર.

**- હર્ષ ઉદેચા, બાળક**

**● સ્વાભિમાનથી કમાઈને ભરણપોષણ કરતા વેપારી પાસેથી ખરીદી કરીએ, દિવાળીમાં મીઠાઈની જગ્યાએ ફળો ભેટમાં આપીએ**



**Covid-19** વચ્ચે દિવાળી તહેવારમાં પ્રદૂષણ અટકાવવું જોઈએ. બધા એવા વેપારી પાસેથી કોઈ પણ વસ્તુ લે જે ખરેખર સ્વાભિમાનથી કમાઈને ભરણ પોષણ પૂરું કરે છે અને એવા બાળકો અથવા જરૂરિયાત વાળાને આપે જેને જરૂર છે. આ કોરોના મહામારીમાં રોગ-પ્રતિકારક શક્તિ વધારે હોવી જરૂરી છે, તો આ દિવાળી ના શુભ પર્વમાં આપણે મીઠાઈની જગ્યાએ ફળો પણ ભેટમાં આપી શકીએ છીએ. આ દિવાળી તહેવારમાં આપણે **#newnormal** પણ ટ્રાય કરી શકીએ છીએ, જેમકે આપણા સંબધીઓ જોડે વિડિયો કોલ્સમાં વાત કરીએ. જેનાથી સોશીયલ ડિસ્ટન્સ જળવાઈ રહે અને પ્રેમ- ભાવ પણ.

**- નીતા રાવત, શિક્ષક**



**● નેચરને તકલીફ ન પડે તેવા ફટાકડા ફોડીશ**

આ વખતની દિવાળી થોડી અલગ છે. કોરોના કાળમાં ઉજવવાની આ દિવાળીમાં કાંઈક અલગ કરીશું. નેચરને તકલીફ ન પડે તેવા જ ફટાકડા ફોડીશું. ફ્રેન્ડસને સોશિયલ ડિસ્ટન્સ રાખીને મળીશ અને રમીશ.

**- કેવ્યાન કોટક, બાળક**

**● માનસિક રીતે સાજા રહીને સ્વનું ધ્યાન રાખી દિવાળી ઉજવીશું**

કોરોનામાં આ વર્ષે લગભગ બધા જ તહેવારો કોરોના સાથે જ વિતાવ્યા. પણ હવે વાત આવે છે તહેવારોનો રાજા એવા દિવાળીની.



કોરોના સાથે પણ સાચા અર્થમાં કઈ રીતે ઉજવીશું દિવાળી??

દરેક મનુષ્યની ફરજમાં સૌ પ્રથમ સ્વનું ધ્યાન તથા કલ્યાણની ભાવના તો હોય જ પરંતુ જો હર એક વ્યક્તિ સર્વના કલ્યાણની ભાવના રાખે તો રાષ્ટ્ર કોઈ પણ પરિસ્થિતિમાંથી મુક્ત થઈ શકે છે.

શારીરિક રીતે આ બીમારીમાં આપણે એકબીજા પાસે જઈ શકતા નથી માટે જ એના સર્વ શ્રેષ્ઠ ઉપાય તરીકે જો માનસિક રીતે જ આપણે સાજા - બીમાર તથા પ્રકૃતિ થી લઈ સર્વ દેશને શુભ ભાવના - શુભકામનાઓ રૂપી દિવાળી નિમિત્ત ની વધામણીઓ આપીએ તો એનાથી શ્રેષ્ઠ કઈ ન હોઈ શકે.

**- ડો. પ્રિયંકા તિવારી, સાયકોલોજીસ્ટ**

**● ઈકો ફ્રેન્લી રંગોળી કરી અંધકાર ઉલેચીશું**



કોરોનાના કપરા સમયમાં દિવાળી પર્વની ઉજવણી નિમિત્તે આપણે સૌ ઈકો ફ્રેન્ડલી રંગોળી કરીશું. તેમાં પણ જમીન ખરાબ ન થાય તેનો ખ્યાલ રાખીશું. દીવડાઓના દિવ્ય ઉજાસ વચ્ચે કોરોના રૂપી અંધકારને ઉલેચવા ફટાકડા નહીં ફોડીએ. સંક્રમિત દર્દીઓને તકલીફ નહીં આપીએ. ધમાકેદાર ફટાકડાની જગ્યાએ મ્યુઝિકની મજા માણીશું એકમેકના ઘરે જવાનું ટાળી વર્ચ્યુઅલ કોલ કરીશું જયારે ઘરના મંદિરમાં જ ભગવાનના દર્શન કરીને દિવાળી પર્વને વધુ ભવ્ય અને દિવ્ય બનાવવાનો પ્રયાસ કરીશું.

**- ક્રિષ્ના જોષી, યુવા**

# લગ્ન સિઝનમાં બેન્ડ વગાડવાની મંજુરી આપવા સંગીત બેન્ડ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજુઆત

ગાંધીનગર, તા.૯

કોરોનાની વૈશ્વિક મહામારીમાં બેન્ડવાજાનો ધંધો સદંતર બંધ થઈ ગયેલ છે ત્યારે બેન્ડના વેપાર સાથે સંકળાયેલા વ્યકિતઓને પરિવારનું ગુજરાન ચલાવવુ પણ મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે. જેથી રાજય સરકાર દ્વારા બેન્ડવાજાના વેપારને નિતિ-નિયમો આધારીત લગ્ન પ્રસંગમાં બેન્ડ વગાડવા માટે મંજુરી આપવામાં આવે તે માટે સંગીત બેન્ડ એસોસિએશન દ્વારા રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

હાલ સમગ્ર વિશ્વ કોરોના વાયરસની મહામારીમાં કપરા સંજોગોમાંથી બહાર નિકળવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, જેમાં આપણો દેશ અને આપણુ રાજય પણ બાકાત રહ્યું નથી. કોરોનાના કારણે છેલ્લા ૮



માસથી બેન્ડવાજાનો ધંધો સદંતર બંધ થઈ ગયો છે.બેન્ડની સાથે સંકળાયેલા હજ્જારો વ્યકિતઓને પરિવારનું ગુજરાન ચલાવવુ પણ મુશ્કેલ બની રહ્યું છે. બેન્ડવાજા સિવાય આવકનો કોઈ સ્ત્રોત નથી, તેમજ અન્ય કોઈ હુન્નર જાણતા નથી, રાજયમાં ૫ થી ૭ હજાર બેન્ડવાજા અને ઢોલ વગાડવાનો વેપાર કરતા વેપારીઓ છે. વર્તમાન પરિસ્થિતિ નુકશાન અને બેન્ડના વેપાર સાથે સંકળાયેલા વ્યકિતઓ માટે મરણતોલ ફટકા સમાન છે. ત્યારે રાજય સરકાર દ્વારા નાના મોટા વેપારીઓને નાનીમોટી ખુબ સરસ મદદ કરી છે, તો બેન્ડના વેપાર સાથે સંકળાયેલા નાગરીકો અંગે પણ તંત્રએ ગંભીરતા પૂર્વક વિચારવુ પડશે નહી તો બેન્ડનો ધંધો મૃતપાય હાલતમાં જતો રહેશે. જેથી રાજયમાં બેરોજગારીનો મોટો પ્રશ્ન ઉભો થશે. ત્યારે રાજયના મુખ્યમંત્રીનો બેન્ડવાજાના વ્યવસાયને નિતિ-નિયમો આધારીત લગ્ન તેમજ ધાર્મિક પ્રસંગે ઢોલ અને બેન્ડવાજા વગાડવાની મંજુરી આપવામાં આવે તેવી લેખિત રજુઆત સંગીત એસોસિએશન દ્વારા કરવામાં આવી છે.



સેકટર-૭માં વહાણવટી શાળાની બાજુમાં છેલ્લા ઘણા દિવસોથી ગટર ઉભરાય છે. ઉભરાતી ગટરનું પાણી રસ્તા પર વહી જતાં આવતા જતા વસાહતીઓ અને વાહનચાલકોને ભારે દુર્ગંધનો સામનો કરવો પડે છે. સતત ઉભરાતી ગટરોના કારણે માખી-મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે વળી અત્યારે કોરોના કાળમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા થવાનો પણ શહેરીજનોને ભય છે ત્યારે આ વહી જતી ગટરનો પ્રશ્ન ઝડપથી દિવાળીના તહેવાર સમયે ઉકલાય તેવી વસાહતીઓ માંગ છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. મણીબેન જકસીભાઈ રબારી, ઉ.વ. ૯૨, સેકટર-૫, ગાંધીનગર**
- **સ્વ. હિરાબેન ગોપાળભાઈ પરમાર, ઉ.વ. ૬૮, સેકટર-૨૪, ગાંધીનગર**
- **સ્વ. કાંતિલાલ ચુનીલાલ જૈના, ઉ.વ. ૬૭, સાબરમતી, અમદાવાદ**
- **સ્વ. ઠાકોર રણછોડજી વેલાજી, ઉ.વ. ૬૮, શિહોલી મોટી, તા. ગાંધીનગર**
- **સ્વ. ગજ્જર જયશ્રીબેન અરવિંદકુમાર, ઉ.વ. ૬૧, કલોલ, જી. ગાંધીનગર**